# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref no. PN 2025-26/173 Dt. 08/10/2025

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'બિઝનેસ ગ્રોથ અને પર્સનલ પ્રોસ્પરિટી માટે વાસ્તુ' વિષે સેશન યોજાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૭ ઓકટોબર, ૨૦૨૫ના રોજ સંહતિ, સરસાણા, સુરત ખાતે 'બિઝનેસ ગ્રોથ અને પર્સનલ પ્રોસ્પરિટી માટે વાસ્તુ' વિષે સેશન યોજાયું હતું, જેમાં વાસ્તુ કન્સલ્ટન્ટ, એસ્ટ્રોલોજિસ્ટ, ન્યુમરોલોજિસ્ટ અને એનર્જી કન્સલ્ટન્ટ શ્રી અજીતસિંઘ સોહલે વ્યાપાર અને વ્યક્તિગત જીવનમાં વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો કેવી રીતે સમૃદ્ધિ અને પ્રગતિ લાવી શકે તે અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આજના યુગમાં વ્યવસાયમાં પ્રગતિ માટે માત્ર ટેકનોલોજી અને માર્કેટિંગ જ નહીં પણ ઉર્જા અને સકારાત્મકતા પણ એટલી જ મહત્વપૂર્ણ છે. વાસ્તુશાસ્ત્ર એ એક પ્રાચીન વિજ્ઞાન છે, જે જગ્યાની ઉર્જાને સંતુલિત કરીને વ્યવસાયિક વિકાસ અને વ્યક્તિગત સમૃદ્ધિમાં સહાયક બને છે.

શ્રી અજીતસિંઘ સોહલે જણાવ્યું હતું કે, યોગ્ય વાસ્તુ વ્યવસ્થાપન દ્વારા સકારાત્મક ઉર્જાનો પ્રવાહ વધે છે, જે વ્યવસાયિક વિકાસ, નાણાંકીય સ્થિરતા તેમજ માનસિક શાંતિ માટે મદદરૂપ થાય છે. તેમણે ઉદાહરણો સાથે સમજાવ્યું હતું કે ઓફિસ, ફેકટરી કે રહેણાંક સ્થળમાં નાના નાના ફેરફારો પણ મોટી અસર કરી શકે છે. તેમણે વાસ્તુ વિજ્ઞાનના આધુનિક દૃષ્ટિકોણથી વ્યવસાય તથા વ્યક્તિગત જીવનમાં સંતુલન અને સમૃદ્ધિ મેળવવા માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની સ્કીલ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઇએ વકતાનો પરિચય આપી કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સ્કીલ ડેવલપમેન્ટ કમિટીના સભ્ય શ્રી રહેમાન ખાને કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. વકતાશ્રીએ કાર્યક્રમમાં ઉપસ્થિત વ્યવસાયિકો અને સભ્યોની વાસ્તુ સંબંધિત વિવિધ મૂંઝવણો દૂર કરી હતી.